રાજસ્થાનમાં વિક્રમ મતદાન : આઠમીએ મતગણતરી

જયપુર,તા. ૧

રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણી માટે આજે શાંતિપૂર્ણરીતે ઉંચુ મતદાન પૂર્ણ થતા ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. પ્રાથમિક અંદાજ મુજબ ૬૫થી ૭૫ ટકા વચ્ચે ઉંચુ મતદાન નોંધાયુ છે. ચૂંટણી પંચે કહ્યુ છેકે ૭૪.૩૮ ટકા જેટલું ઉંચુ મતદાન થયુ છે જે રાજસ્થાનના ઈતિહાસમાં સૌથી ઉંચા મતદાન પૈકી છે. ઉંચા મતદાનના પરિણામ સ્વરૂપે ભાજપની છાવણીમાં પણ ખુશીનું મોજુ ફરી વળ્યુ છે. બપોરે ત્રણ વાગ્યા સુધીમાં જ ૫૩ ટકા જેટલું મતદાન નોંધાયુ હતુ. ત્યારબાદ છેલ્લા કલાકોમાં મતદાનની ગતિમાં તેજી આવી હતી અને વધુ ઉંચુ મતદાન નોંધાયુ હતુ. ભાજપ અને કોંગ્રસ બંનેમાંથી કોણ મેદાન મારશે તે અંગેનો ફેંસલો હવે આઠમી ડિસેમ્બરના દિવસે થશે. આજે સવારથી જ લાંબી લાઈનો જોવા મળી હતી. મતાધિકારીનો ઉપયોગ કરવા માટે રાજસ્થાનમાં મોટા ભાગના લોકો ભારે ઉત્સાહિત દેખાયા હતા. કોઈ પણ જગ્યાએ કોઈ અનિચ્છનિય બનાવ ન બનતા તંત્રને રાહત થઈ હતી. આની સાથે જ ૨૦૦૦થી પણ વધુ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા ચૂંટણી પંચ દ્વારા તમામ પગલાં પહેલાથી જ લેવામાં આવ્યા હતા. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી હતી. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલાં લેવાયા હતા.

ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસના સ્ટાર પ્રચારકોએ શ્રેણીબદ્ધ રેલીઓ યોજી હતી. ભાજપ તરફથી તેના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ચૂંટણી સભાઓ સંબોધી હતી. આ ઉપરાંત રાજસ્થાનમાં ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર વસુંધરા રાજે પણ શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી. આજે સવારે ૮ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી ઈલેક્ટ્રોનીક વોટિંગ મશીન મારફતે મતદાન યોજાયુ હતુ. બાકી રહેલી વિધાનસભાની ચૂરુ બેઠક માટે ૧૩મી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાશે. આજના મતદાનની સાથે જ રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી માટે કુલ ૨૦૮૬ ઉમેદવારોના ભાવિ સીલ થઈ ગયા હતા. ચૂંટણી મેદાનમાં રહેલા ઉમેદવાર પૈકી જે પૈકી ૧૧૧ ઉમેદવારો સામે ફોજદારી આરોપો થયેલા છે. આમાં ૬૨ ઉમેદવાર એવા છે જેમની સામે હત્યા, હત્યાના પ્રયાસ, મહિલાઓ સામે ગુનાઓ જેવા ગંભીર આક્ષેપો રહેલા છે. ચૂંટણી માટેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. રાજસ્થાનમાં મતદાન માટે ૪૭૨૨૩ મતદાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા હતા. રાજયમાં ૪,૦૮,૨૯,૩૨૮ મતદારો છે મતદારો પૈકી ૨,૧૪,૫૦,૨૦૫ પુરુષ મતદારો અને ૧,૯૨,૭૫,૯૧૯ મહિલા મતદારો છે. જ્યારે ૩૩ અન્ય મતદારો છે. રાજ્યોમાં કુલ ૧,૦૩,૧૭૧ સર્વિસ વોટરો છે.

આરૂષિ કેસ પર કોઈ ફિલ્મને મંજુરી અપાશે નહીં : તલવાર

ગાઝિયાબાદ,તા. ૧

જેલમાં રહેલા ડેન્ટિસ્ટ દંપત્તિ રાજેશ અને નૂપુર તલવાર તેમની પુત્રી આરૂષિની હત્યા પર કોઈ પણ ફિલ્મ અથવા પુસ્તક લખાય તેની મંજુરી આપશે નહીં. તેમના વકીલે આજે આ અંગેનો ખુલાસો કર્યો હતો. અગાઉ છેલ્લા કેટલાક દિવસથી એવા અહેવાલ આવી રહ્યા છે કે આરૂષિ પર ફિલ્મ બનાવવા અથવા તો પુસ્તક લખવા કેટલાક લોકો તૈયારી કરી ચુક્યા છે. તલવાર દંપત્તિના વકીલ મનોજ સિસોદિયાએ માહિતી આપતા કહ્યુ હતુ કે આ દંપત્તિ મિડિયામાં આવેલા અહેવાલથી ખૂબજ અપસેટ છે. અરૂષિના કેસ પર કોઈ પણ ફિલ્મ બનાવવા હોલિવુડ અથવા બોલિવુડના નિર્માતા-નિર્દેશકોને મંજુરી આપવામાં આવશે નહીં. તલવાર દંપત્તિને આ કેસમાં અપરાધી ઠેરવીને આજીવન કારાવાસની સજા કરવામાં આવી છે.

તલવાર દંપત્તિના વકીલે કહ્યુ છે કે મિડિયા અહેવાલ મારફતે અમને જાણવા મળ્યુ છે કે કેટલાક ઈન્ટરનેશનલ અને નેશનલ ફિલ્મ નિર્માતા નિર્દેશકો તથા પટકથાકાર ફિલ્મ બનાવવા તથા આરૂષિના કેસ પર પુસ્તક લખવા ઈચ્છુક છે. સિસોદિયાએ કહ્યુ હતુ કે રાજેશ અને નૂપુર બંને મિડિયા અહેવાલથી નાખુશ છે. સિસોદિયાનું કહેવુંછે કે આરૂષિને તલવાર દંપત્તિ ખૂબજ પસંદ કરતા હતા. તેમને અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ તલવાર દંપત્તિ ખુબજ આઘાતમાં છે. સિસોદિયાએ એવી ચેતવણી પણ આપી છે કે જો આરૂષિ કેસ પર તલવારની મંજુરી વગર ફિલ્મ બનાવવામાં આવશે તો કાયદાકીય પગલા નિર્માતા અને નિર્દેશકો સામે લેવામાં આવશે. ગાજિયાબાદની ખાસ સીબીઆઈ અદાલતે તલવાર દંપત્તિને દોષિત ઠેરવ્યા હતા. ગાજિયાબાદની ખાસ અદાલતે સજા ફટકાર્યા બાદ તેમના સગા સંબંધિઓમાં પણ નારાજગી રહી હતી.

તરૂણ તેજપાલ છ દિવસના પોલીસ રીમાન્ડ પર

પણજી,તા. ૧

મહિલા પત્રકાર પર બળાત્કાર કરવાના આક્ષેપો થયા બાદ ધરપકડ કરવામાં આવેલા તહેલકાના પૂર્વ એડિટર તરૂણ તેજપાલને છ દિવસ માટે પોલીસ રીમાન્ડ પર લેવાનો આજે ગોવા કોર્ટે આદેશ કર્યો હતો.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ શમા જોશીએ પોલીસ દ્વારા કરવામાં આવેલી તેજપાલના રીમાન્ડ માટેની અરજી પર આ આદેશ આપ્યો હતો. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ ૧૧.૫૦ વાગે તેજપાલને રજૂ કર્યો હતો. ત્યારબાદ ટુંકી સુનાવણી ચલાવવાંમાં આવી હતી. આની સાથે જ તેજપાલ પર સકંજો વધારે મજબુત બનાવી દેવામાં આવ્યો છે. તેજપાલને છ દિવસ માટે પોલીસ રીમાન્ડ પર સોંપવામાં આવતા છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. ગોવા પોલીસે તેજપાલને ૧૪ દિવસના રીમાન્ડ પર લેવાની માંગ કરી હતી. જેની સામે કોર્ટે છ દિવસના પોલીસ રીમાન્ડ આજે મંજૂર કર્યા હતા. ગોવા પોલીસ તેજપાલની ધરપકડ કરી લીધાના એક દિવસ બાદ આજે બપોરે પોલીસ

હેડક્વાટર્સના લોકઅપમાંથી સઘન સુરક્ષા વચ્ચે સેશન કોર્ટમાં લઈને પહોંચી હતી. તેજપાલને કોર્ટમાં લઈ જવામાં આવ્યો ત્યારે મોટી સંખ્યામાં મિડિયાના લોકો હાજર રહ્યા હતા. પરંતુ તેજપાલ ઝડપથી કોર્ટ સંકુળમાં પ્રવેશી ગયા હતા. પોલીસે તેજપાલની પુછપરછ માટે ૧૪ દિવસની કસ્ટડીની માંગ કરી હતી. પરંતુ કોર્ટે આ મામલે તૈયારી દર્શાવી ન હતી.

કોર્ટે છ દિવસની પોલીસ કસ્ટડી મંજૂર કરી હતી. અત્રે નોંધનીય છે કે શનિવારે દિવસભર ભારે સસ્પેન્સ રહ્યા બાદ કોર્ટે મોડી રાત્રે તેજપાલની આગોતરા જામીન અરજીને ફગાવી દીધી હતી. ત્યારબાદ ક્રાઈમ બ્રાન્ચની ઓફિસમાં હાજર તેજપાલની ત્યાં જ ધરપકડ કરી લેવામાંઆવી હતી. ત્યારબાદ પોલીસે શનિવારે મોડી રાત્રે જ તેજપાલના તમામ જરૂરી મેડિકલ ચેકઅપ કરાવ્યા હતા. છેલ્લે તેજપાલને પોલીસ હેડક્વાટર્સના લોકઅપમાં બંધ કરી દેવામાં આવ્યા હતા. રેપના આક્ષેપોના મામલે તપાસ કરી રહેલા ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ કહ્યું છે કે તેજપાલની જુબાની મેળવવા માટે પોલીસ કસ્ટડી જરૂરી છે. તેજપાલ પર જુનિયર સાથી પર રેપનો આક્ષેપ છે. ઈન્ટ્રા ઓફિસ કોમ્યુનિકેશનમાં રેપનો તેના પર આરોપ છે. જો કે તેજડપાલે હજુ સુધી જાહેર નિવેદનમાં કોઈ ખોટુ કામ કર્યુ હોવાનો ઈન્કાર કર્યો છે. તેમની સામે આઈપીસીની કલમ ૩૫૪ એ , ૩૭૬(૨) (કે) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

આઈઆઈટી સિવાયના વિદ્યાર્થીને પણ ફેસબુકે જોબ આપી

મુંબઈ,તા. ૧

ફેસબુકે આ વર્ષે બિન આઈઆઈટી કોલેજોમાંથી ફેશરોની વધારે પ્રમાણમાં ભરતી કરી છે. આ વર્ષે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી સિવાયના વિદ્યાર્થીની પણ ફેસબુક દ્વારા પસંદગી કરવામાં આવી છે. બિન આઈઆઈટી એન્જિનિયરીંગ સંસ્થાઓના વિદ્યાર્થીઓને પણ

નોકરીની ઓફર ફેસબુક દ્વારા કરવામાં આવી છે. પાંચ બિન આઈઆઈટીના લોકો પૈકીના ચાર અને નવ આઈઆઈટી પૈકીના ત્રણની પસંદગી કરવામાં આવી ચુકી છે. ફેસબુક દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે તે વર્ષ ૨૦૧૪માં ગ્રેજ્યુએશન પૂર્ણ થયા બાદ સામેલ થશે. દરેક વિદ્યાર્થીને વર્ષિક બેઝ પગાર તરીકે ૧૦૦૦૦૦ ડોલરની રકમ મળશે. આ ઉપરાંત એફબીના શેરની પણ ઓફર કરવામાં આવશે. ચાર બિન આઈઆઈટીના જે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે તેમાં અનિશ શંકર, સુધાશુ અગ્રવાલ અને રોહીત ગિરધરનો સમાવેશ થાય છે. આ ત્રણેય સ્વાયત યુનિવર્સિટીના છે. આ લોકો પ્રિ પ્લેસમેન્ટ ઓફર સ્વીકારી લીધી છે આ ઉપરાંત આઈઆઈટીના વિદ્યાર્થીઓની પણ પસંદગી કરવામાં આવી છે જેમાં શબરીનાથ, કનિષ્ક પરિહાર અને લખબીન્દર ગાબાનો સમાવેશ થાય છે. શબરીનાથ આઈઆઈટી મદ્રાસમાંથી કોમ્પ્યુટર સાયન્સમાં અભ્યાસ કરે છે તે ફેસબુક સાથે કામ કરવા સાથે ખુબજ ખુશ છે.

પાંચમીથી સંસદનુ શિયાળુ સત્ર પણ શરૂ થશ

નવા સત્રમાં શેરબજારમાં તીવ્ર તેજી રહેવાના સંકેત

મુંબઈ,તા. ૧

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતા નવા સપ્તાહ દરમિયાન તેજી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. જે કારોબારીઓ માટે ખુબ સારા સમાચાર છે. શેરબજારમાં તેજી રહેવા માટે કેટલાક હકારાત્મક પરિબળો જવાબદાર રહેશે.

ગયા સપ્તાહમાં શેરબજારમાં તેજી રહી હતી. તેની સીધી અસર નવા સપ્તાહમાં પણ જોવા મળશે. આ ઉપરાંત પાંચમી ડિસેમ્બરથી સંસદનુ શિયાળુ સત્ર પણ શરૂ થઈ રહ્યું છે. રાજ્ય વિધાનસભાની ચૂંટણીના પરિણામોને લઈને કેટલાક રોકાણકારો સાવધાન રહે તેવી શક્યતા છે. આ તમામ સારા સંકેત વચ્ચે ઓટો કંપનીઓ નવેમ્બર મહિના માટે તેમના માસિક વેચાણના આંકડા જારી કરનાર છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ છેલ્લા ત્રણ મહિનાથી શેરબજારમાં સતત રોકાણ વધાર્યું છે. તેમનો વિશ્વાસ અકબંધ રહ્યો છે. આની અસર પણ દેખાશે. શેરબજારની દિશા નક્કી કરવામાં ડોલરની સામે રૂપિયાની સ્થિતીની પણ ભૂમિકા રહેશે. જાણકાર નિષ્ણાંતો કહી રહ્યા છે કે આવતીકાલે શેરબજારમાં શરૂઆત થશે ત્યારે જીડીપીના આંકડાની અસર બજાર પર જોવા મળશે. શુક્રવારના દિવસે તેજી સાથે સેન્સેક્સ બંધ રહ્યો હતો તેની અસર પણ દેખાશે.

આગામી સેશનમાં પણ આવી જ સ્થિતી રહેશે. પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન વિકાસ દર ચાર વર્ષની નીચી સપાટી પર પહોંચ્યા બાદ હવે સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળા દરમિયાન અપેક્ષા કરતા સારી સ્થિતી રહી છે. વિકાસ દર ૪.૮ રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે જુલાઈ-સપ્ટેમ્બરમાં જીડીપી ૪.૮ ટકા રહ્યો હતો. જે અગાઉના ત્રિમાસિક ગાળામાં ૪.૪ ટકા હતો. પાંચ રાજયો- છત્તિસગઢ, દિલ્હી, મધ્યપ્રદેશ, મિઝોરમ અને રાજસ્થાનમાંઆ મહિનાની શરૂઆતમાં ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. છેલ્લા સપ્તાહ દરમિયાન સેન્સેક્સમાં ૫૭૪ પોઈન્ટનોસુધારોથયો હતો. ત્રીજી નવેમ્બરના દિવસે રેકોર્ડ ૨૧૨૩૯ની સપાટીએ પહોંચ્યા બાદ નવેમ્બરમાં ૩૭૩ પોઈન્ટનોઘટાડોથયો હતો. છેલ્લા સપ્તાહમાં ફરી સ્થિતી સુધરી છે.

વિમાની મથક પર હવે ફુલ બોડી સ્કેનર મૂકવા તૈયારી

મુંબઈ,તા. ૧

વિમાની મથકો પર હવે બોડી સ્કેનર મૂકવામાં આવશે. દેશના બે બિનમેટ્રો વિમાની મથક પર પ્રાયોગિકરીતે અતિ આધુનિક ટેકનોલોજી સાથે ફુડ બોડી સ્કેનર મુકવામાં આવનાર છે. એએઆઈના સૂત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે અમેરિકન એકમ જીઈ કોર્પ પાસેથી બે ફુડ બોડી સ્કેનર હાંસલ કરવામાં આવ્યા છે. આને પ્રાયોગિકરીતે બે વિમાની મથકો પર મુકવામાં આવશે. યાત્રીઓની ખાનગી બાબતો સાથે કોઈ પણ બાંધછોડ કરવામાં આવશે નહીં. આ સંદર્ભમાં સ્કેનર અંગે માહિતી આપતા જણાવવામાં આવ્યુ છે કે આ સ્કેનરને વિમાની મથકો પર મુકતા પહેલા યાત્રીઓ આને સ્વીકાર કરે છેકે કેમ તે બાબત ધ્યાનમાં લેવામાં આવશે. સૂત્રોએ સુરક્ષા કારણોનો હવાલો આપીને કહ્યુ છેકે આ બાબત પર વિચારણા ચાલી રહી છે. હાલમાં કયા બે વિમાની મથકો પર આ બોડી સ્કેનર મુકવામાં આવશે તે અંગે વાત કરવામાં આવી નથી.

કારગીલમાં માઈનસ ૭ ડિગ્રી તાપમાન

લેહમાં રેકોર્ડ માઈનસ ૧૨.૬ ડિગ્રી : ખીણમાં જનજીવન ઠપ

શ્રીનગર,તા. ૧

જમ્મુ કાશ્મીરમાં કાતિલ થંડીનું મોજુફરી વળ્યુ છે. આ સિઝનમાં લડાખ પ્રદેશના લેહમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. અહીં પારો માઈનસ ૧૨.૬ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે. ખીણમાં તીવ્ર ઠંડીનો લોકો અનુભવ

કરી રહ્યા છે. મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન માઈનસ સુધી પહોંચ્યુ છે. લેહમાં સૌથી વધુ માઈનસ ૧૨.૬ ડિગ્રી નોંધાતા જનજીવન ખોરવાઈ ગયુ છે.

અહીં ગઈકાલે તાપમાન માઈનસ ૧૧.૪ ડિગ્રી હતુ. આ સિઝનમાં સૌથી વધુ ઠંડી લેહમાં નોંધાઈ છે. ખીણના અન્ય તમામ વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન આંશિકરીતે વધ્યુ છે છતાં પણ શૂન્ય ડિગ્રીની આસપાસ તાપમાન રહ્યુ છે. કારગીલમાં માઈનસ સાત ડિગ્રી તાપમાન થયુ છે. જે ગઈકાલે નોંધાયેલા માઈનસ ૭.૮ ડિગ્રીની સરખામણીમાં વધારે છે. ઉનાળા પાટનગર શ્રીનગરમાં ગઈકાલ જેવી જ સ્થિતિ રહી છે. અહીં તાપમાન માઈનસ ૨.૭ ડિગ્રી નોંધાયુ છે. દક્ષિણ કાશ્મીરમાં વાર્ષિક અમરનાથ યત્રા દરમિયાન બેઝકેમ્પ તરીકે ગણાતા ટ્યુરિસ્ટ રિસોર્ટ પહેલગામમાં રાત્રી તાપમાન ગઈકાલે રહેલા માઈનસ ૪.૬ ડિગ્રીની સરખામણીમાં વધી ગયુ છે. અહીં તાપમાન માઈનસ ૩.૮ ડિગ્રી થયુ છે. માત્ર જમ્મુ કાશ્મીર જ નહીં બલકે દેશના અન્ય ભાગોમાં પણ કાતિલ ઠંડી પડી રહી છે. રાજસ્થાનના લોકો પણ ઠંડીના સકંજામાં છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હિમાચલ, પંજાબ, દિલ્હી, અરૂણાચલ, હરિયાણાના જુદાજુદા ભાગોમાં પણ તીવ્ર ઠંડીની શરૂઆત થઈ ચુકી છે.

સમાચાર ઝલક

- ♥ મુરાદાબાદમાં શેરડી ઉત્પાદકોનાં દેખાવો.
- ♥ પંજાબ સરકારે સસ્તુ અનાજ આપવાની યોજના શરૂ કરી.
- ♥ સગીર વયના કાનૂન બદલવા માંગણી.
- ♥ ભૂજ પોલીસે પોલીસની ગાડીમાં જ દારૂ પકડ્યો, કર્મચારીઓ રાજસ્થાનમાં ચૂંટણી અર્થે ગયા હતા !
- ♥ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય તામિલનાડુની કોર્ટમાં નિર્દોષ જાહેર થયા, તેમના પર ખૂનનો આરોપ હતો.
- ♥ પાસવર્ડ નંબર ડેબીટ કાર્ડમાં ખાસ જરૂરી, રીઝર્વ બેન્કનો આદેશ.
- ♥ કોન બનેગા કરોડપતિનો અંતિમ શો આજે પૂર્ણ થયો.
- ♥ બાંગ્લાદેશમાં બંધનાં એલાનને મિશ્ર પ્રતિસાદ.
- ♥ આપણા દેશમાં ૧ માઇલ લાંબુ અને ૨૫ માળ ઊંચુ જહાજ બનશે.
- ♥ માધુપુરામાં હોમગાર્ડ દારૂનું વેચાણ કરતો ઝડપાયો.
- ♥ અમદાવાદનાં કબીર મંદિરના મહંતનો અપહરણ બાદ ૭ દિવસ બાદ છુટકારો.
- ♥ દાણીલીમડામાં અજાણ્યા શખ્સોએ બાઇકો સળગાવ્યા.
- ♥ પશ્ચિમ બંગાળના માલ્દાના કલેકટરની ધરપકડ, સરકારી ફંડનો દુરપયોગ કર્યો હતો.
- ♥ શિવસેનાનાં ઉદ્ધવ ઠાકરેને દવાખાનામાં દાખલ કરાયા.
- ♥ મોડાસામાં રેલ રોકો આંદોલન.
- ♥ મોરબીમાં સિરામીક ઉદ્યોગની હડતાળ તેજ બનતી જાય છે.
- ♥ વડોદરામાં કર્મચારી મંડળના ભંડોળની ઉચાપત કરવા બદલ નાયબ કાર્યપાલક ઇજનેરની ધરપકડ.
- ♥ મંગળયાન પૃથ્વીની હદ બહાર નીકળી ગયું, મંગળયાન સફળતાની ગતિએ.
- ♥ બિહારમાં રેલ્વે પર નકસલવાદીઓનો હુમલો.
- ♥ 'બુલેટ રાજા' ફિલ્મનો પણ વિરોધ થયો.
- ♥ જમ્મુ કાશ્મીરમાં બોંબ વિસ્ફોટથી ત્રણ વ્યક્તિઓનાં મોત.
- ♥ હોલીવુડ અભિનેતા પોલીવોકરનું મોત.
- ♥ મિશેલ ઓબામાએ ક્રિસમસનું સ્વાગત કર્યું.

ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે... (પાના નં. ૪ નું ચાલુ)

અનુભવ કરવા જેવી આ વાત છે.

એક કવિના મનમાં જન્મેલી લક્ષ્યની ધારણા જાણવા જેવી છે.

લક્ષ્ય તક પહુંચે બિના, પથમેં પથિક વિશ્રામ કૈસા ?
લક્ષ્ય હૈ અતિ દુર દુર્ગમ, માર્ગ હૈ હમ જાનતે હૈં
કિન્તુ પથ કે કંટકો કો, હમ સુમન હી માનતે હૈં
જબ પ્રગતિ કા નામ જીવન, યહ અકાલ વિરામ કૈસા ?

જેમ પાણીને ઉપર ચડાવવા માટે વધારાના બળની જરૂર હોય છે તેમ શુભ લક્ષ્ય ધારણ કરવા અને સિદ્ધ કરવા માટે મનની શક્તિ માગી લે તેવી વાત છે.

અધોગતિ સરળ છે, ઊર્ધ્વગતિ સરળ નથી.

આળસ કરવી સરળ છે, ઉદ્યમ કરવો સરળ નથી.

સ્વ માટે જીવવું સરળ છે, સર્વ માટે જીવવું સરળ નથી.

લક્ષ્યહીન રહેવું સરળ છે, લક્ષ્યથી અભિષિક્ત થવું સરળ નથી. માટે જ આ વિષય પર વિચારવાની આવશ્યકતા છે. માટે જ લક્ષ્યનું નિર્ધારણ કરવાની આવશ્યકતા છે.

Goals Create Focus.

શ્રેષ્ઠ લક્ષ્યનું નિર્ધારણ જીવનમાં પ્રકાશ પાથરે છે.

Goals Actions must Meet.

લક્ષ્ય અને કાર્યનો સમન્વય થવો ખુબ જરૂરી છે.

આટલું વાચ્યાં પછી જો કોઇ વિચારવાનું શરૂ કરે કે સમાજના ઉત્કરષ માટે, રાષ્ટ્રના હિત માટે દરેકે કંઇક લક્ષ્ય સેવવું જોઇએ... અને એ દરેકમાંનો હું પણ એક છું... તો આ નાનકડા લેખના થોડા શબ્દો પણ જીવનનું જીવંત રૂપ ધારણ કરીને સાર્થકતા અનુભવશે.

● ● ●

ધ્યેયહીન જીવન એટલે જીવંત મૃત્યુ,
ધ્યેયમય જીવન એટલે મૃત્યુંજયતા.
લક્ષ્ય પ્રેરિત બાણ હૈં હમ,
ઠહરને કા કામ કૈસા?

એલઆઈસી પોલીસી પહેલી જાન્યુઆરીથી મોંઘી થઈ જશે

નવી દિલ્હી,તા. ૧

પહેલી જાન્યુઆરીથી એલઆઈસીની પોલીસી મોંઘી થવા જઈ રહી છે. એલઆઈસીના હાઈમેનેજમેન્ટે ઈન્શ્યોરન્સ રેગ્યુલેટર ઈરડાના દિશા નિર્દેશોને અમલી બનાવીને પોતાના તમામ સેન્ટર, ઝોનલ, ડિવિઝનલ ઓફિસોને પર પૈકી ૪૫ પોલીસીને બંધ કરવા માટે પરિપત્ર જારી કરી દીધા છે. આ પોલીસીને તબક્કાવારરીતે બંધ કરવામાં આવશે. આ પૈકી મોટા ભાગની પોલીસી પહેલી જાન્યુઆરીથી બંધ થઈ ગઈ છે. જેમાં સૌથી લોકપ્રિય પોલીસી વિમા બચતનો પણ સમાવેશ થાય છે. સામાન્ય ગ્રાહકો માટે આ પોલીસી સસ્તાદરે ખરીદવાની તક ૩૧મી ડિસેમ્બર સુધી છે. નવી પોલીસી પર પોલીસી ધારકોને ૩.૦૯ ટકા સર્વિસ ટેક્સ આપવાની જરૂર રહેશે. હાલમાં સર્વિસ ટેક્સ એલઆઈસી પોતે આપી રહી છે. નવી પોલીસી જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. એલઆઈસીના એમડી શુશોભન સરકારે કહ્યુ છે કે અમે ઈરડાના ધારાધોરણને પાળી રહ્યા છીએ. ઈરડાએ એલઆઈસીને પહેલી ઓક્ટોબરથી એવી ૪૫ પોલીસીઓને બંધ કરવાનો આદેશ આપ્યો હતો જેમાં એલઆઈસી પોતે સર્વિસ ટેક્સ ચૂકવી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ હાઈ મેનેજમેન્ટને સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે જો નવી પોલીસી લાવ્યા વગર આ પોલીસીને બંધ કરી દેવામાં આવે તો એલઆઈસીના કારોબાર પર નકારાત્મક અસર થશે. જેથી ઈરડાએ એલઆઈસીને ત્રણ મહિનાની મહેતલ આપી હતી. ઓક્ટોબર મહિનામાં એલઆઈસીની પોલીસીનું ધૂમ વેચાણ થયુ હતુ જેથી તેના માર્કેટ શેર ૮૦ ટકાને પાર કરી ગયા હતા. બજાર સાથે સંકળાયેલા નિષ્ણાંતોનું કહેવું છે કે ડિસેમ્બરમાં એલઆઈસીના કારોબારમાં વધુ તેજી આવી શકે છે. માર્કેટમાં એલઆઈસીની વિશ્વસનિયતા યથાવત રહી છે. માર્કેટ અને સામાન્ય લોકોમાં એવી ચર્ચા છે કેઈરડાઆ પ્રકારની દિશામાં આગળ કેમ વધી રહી છે આ સંદર્ભમાં વિનાયક ઈંકના પ્રમુખ વિજયસિંહે કહ્યુ છે કે ઈરડાના જણાવ્યા મુજબ તે પ્રાઈવેટ કંપનીઓને લેવલ ફિલ્ડ આપવા માંગેછે. સરકાર અને સામાન્ય લોકોના હિતમાં આ બાબત છે કે કેમ તેઅંગે ગંભીરતાપૂર્વક વિચારણા કરવાની જરૂર ઉભી થઈ છે.

સની દેઓલનો પુત્ર કરણ એન્ટ્રી કરવા માટે તૈયાર

સની દેઓલના પુત્ર કરણ દેઓલ પણ બોલિવૂડમાં એન્ટ્રી કરવા માટે સજ્જ થઈ ચૂક્યો છે. કરણે તાજેતરમાં જ યમલા પગલા-૨માં સહાયક નિર્દેશક તરીકેની ભૂમિકા અદા કરી હતી. એ ગાળા દરમિયાન સની દેઓલે કહ્યું હતું કે તે ફિલ્મની દુનિયા અંગે નાની નાની ચીજો શીખી રહ્યો છે. હવે તે બોલિવૂડમાં એન્ટ્રી કરવા માટે સજ્જ થઈ ચૂક્યો છે. આદિત્ય ચોપડા કરણ દેઓલને પોતાના બેનર હેઠળ લોન્ચ કરવાની તૈયારી પહેલાથી જ કરી ચૂક્યા છે. તેઓ કરણ દેઓલને કોઈપણ પ્રકારના કરારમાં રાખવા માટે ઈચ્છુક નથી. યશરાજ સાથે કેરિયર શરૂ કરનાર મોટાભાગના કલાકારોને ઓછામાં ઓછી ત્રણ ફિલ્મો કરવી પડે છે. સની દેઓલ અને યશરાજ ફિલ્મના સંબંધો લાંબાગાળાથી સારા રહ્યા નથી. વર્ષ ૧૯૯૩માં ડર નામની ફિલ્મ વેળા બંને વચ્ચે સંબંધ ખરાબ થઈ ગયા હતા.